# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2562 ❖ અશ્વિન પૂર્ણિમા ❖ 23 નવેમ્બર 2018 ❖ વર્ષ – 19 ❖ અંક – 08 ❖ સળંગ અંક - 224


## ધમ્મવાણી

**ये झाणपसुता धीरा नेक्खम्मूपसमे रता ।**
**देवापि तेसं पिहयन्ति सम्बुद्धानं सतीमतं।।**
**किच्छो मनुस्सपटिलाभो किच्छं मच्चानं जीवितं ।**
**किच्छं सद्धम्मसवणं किच्छो बुद्धानं उप्पादो।।**

જે ધીર છે, ધ્યાનમાં રત છે, ત્યાગ અને ઉપશમનમાં લાગેલા છે, તેવા સ્મૃતિમાન બુદ્ધોની તો દેવતા પણ પ્રશંસા કરે છે.

મનુષ્યજન્મ મહામુશ્કેલીએ મળે છે, મનુષ્ય જીવન મુશ્કેલીએ જળવાઇ રહે છે. સદ્ધર્મનું શ્રવણ મુશ્કેલીપૂર્વક મળે છે. અને બુદ્ધોનો જન્મ મહામુશ્કેલીએ થાય છે.

-ધમ્મપદ

## સુપટિવેધન

અભય રાજકુમારને ભગવાન દ્વારા આપવામાં આવેલ સમ્યક્ વાણીની ધર્મમયી વ્યાખ્યા પ્રિય લાગી અને શ્રેયસ્કર પણ. તે સમયે તેના મનમાં એક બીજો પ્રશ્ન ઊઠયો, જેને ભગવાનને પૂછ્યા વગર ન રહી શકયો. તેણે પોતાની જિજ્ઞાસા ભગવાનની સમક્ષ પ્રગટ કરી :

‘‘ભંતે ભગવાન ! આપની પાસે અનેક બ્રાહ્મણ, શ્રમણ અને ગૃહસ્થ વિદ્વાન આવે છે અને સ્પષ્ટ હોય છે, તે ઉત્તર આપ નિષ્પ્રયાસ આપી દો છો ?’’

આ પ્રશ્નનો ઉત્તર આપતાં પહેલાં ભગવાને ફરી તેને જ પ્રતિપ્રશ્ન કર્યો–‘‘ રાજકુમાર ! આ જે તારો રથ છે, શું તું એના અંગ–પ્રત્યંગને સારી રીતે જાણે છે ?’’

‘‘હા ભગવાન, મેં તેનો ભરપૂર ઉપયોગ કર્યો છે. સ્વાનુભવથી હું તેનાં અંગ–પ્રત્યંગને ખૂબ જાણું છું.’’

‘‘તો રાજકુમાર ! શું તું ચિંતન–મનન કરતો રહે છે કે કયારેક કોઇ મને તેના કોઇ અંગ વિશે પ્રશ્ન પૂછશે તો હું તેને આવો–આવો જવાબ આપીશ.’’

‘‘ના ભગવાન, તેના વિશે મને જયારે પણ જે પણ પ્રશ્ન કરે, હું તત્ક્ષણ એ જ ઉત્તર આપીશી કે જે સાચો અને સ્પષ્ટ છે. અનુભવસિદ્ધ યથાર્થ વાત કહેવામાં ચિંતન–મનનની શી આવશ્ક્યતા ?’’

‘‘બરાબર એ જ રીતે રાજકુમાર ! જેમ કોઇ રથવાળો પોતાના રથના અંગ–પ્રત્યંગ વિશે સ્વાનુભવ દ્વારા ખૂબ જાણે છે અને રથના કોઇ અંગ વિશે કોઇ પ્રશ્ન કરે તો ઝટ ખરો ઉત્તર આપી દે છે, તેને એના માટે પહેલાંથી ચિંતન–મનન નથી કરવું પડતું, તેમજ તથાગતે ધર્મ–ધાતુને એટલે કે ધર્મના ગુણ–સ્વભાવથી જાણી લીધો છે. એટલે ધર્મ–સંબંધી કોઇ પ્રશ્ન પૂછવામાં આવતા તેમને ચિંતન–મનન કરીને ઉત્તર આપવાની આવશ્યકતા નથી રહેતી. એ વિષયને ખૂબ સારી રીતે જાણે છે, તેથી તત્ક્ષણ સાચો સ્પષ્ટ ઉત્તર આપી દે છે. સાચું બોલવા માટે ચિંતન–મનનની આવશ્યકતા નથી રહેતી.’’

ભગવાનના આ વિવેચને અભય રાજકુમારને ખૂબ વધુ શ્રદ્ધાવિભોર કરી દીધો. ભગવાનની મહાનતા અને સર્વજ્ઞતા વિશે તેના મનમાં લેશમાત્ર પણ સંદેહ ન રહ્યો. વિરોધી પક્ષ દ્વારા તેમના વિશે જે પણ મિથ્યા દોષારોહણ કરવામાં આવ્યું હતું, તે બધાનું સહજ નિરાકરણ થઇ ગયું ; ઉન્મૂલન થઇ ગયું.

અત્યંત શ્રદ્ધાવિનીત થઇને તેણે ભગવાનને પુનઃ પંચાંગ પ્રણામ કર્યા અને હર્ષોદ્ધારભર્યા શબ્દોમાં પોતાની આસ્થા પ્રગટ કરતાં બોલ્યો, ‘‘અદ્‌ભુત છે ભગવાન ! આશ્ચર્યજનક છે ભગવાન ! આપે ધર્મને એટલા સ્પષ્ટ શબ્દોમાં સમજાવ્યો–જેમ કોઇ ઊંધાને સીધું કરીને બતાવી દે, ઢાંકેલા ને ઉઘાડીને બતાવી દે, જેમ કોઇ અંધારામાં દીપક પ્રગટાવી દે, જેથી આંખવાળા સત્યને સ્વયં જોઇ શકે. હું ધન્ય થયો ભગવાન ! આજથી હું ત્રિરત્નનું શરણ ગ્રહણ કરું છું. આજથી મને આપના આજન્મ અનન્ય ઉપાસક તરીકે સ્વીકાર કરો.’’

ખરેખર અભય રાજકુમાર ધન્ય બન્યો.

ઉપરોકત વાર્તાલાપમાં બે શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો છે.‘ **ધમ્મધાતુ સુપટિવિદ્ધો** ’ધર્મ એટલે પ્રકૃતિ, ધાતુ એટલે સ્વભાવ. પ્રકૃતિના સ્વભાવનું સુપટિવેધન એટલે તેને ભલી પ્રકારે વેધન કરીને, વીંધીને જાણી લેવું, જેમ પરિયત્તિ (પર્યાપ્તિ) જ્ઞાનને કહે છે; પટિપત્તિ (પ્રતિપત્તિ) આ જ્ઞાનના માર્ગ પર પ્રતિપાદન કરવાને કહે છે, ચાલવા માંડવું તેને કહે છે ; એ જ રીતે પટિવેધન (પ્રતિવેધન) સત્યને વીંધીને જોવાને કહે છે. આ જ વિપશ્યના છે. વિપશ્યના કર્યા વગર અનુભૂતિના સ્તરે વીંધવાનું કામ કદાપિ થઇ શકતું નથી. વિપશ્યનાનો અભ્યાસ શરૂ કરતાં જ પટિવેધનનું કામ શરૂ થઇ જાય છે ; વિપશ્યના સાધનાની ફલશ્રુતિ પટિવેધનની અંતિમ પરિણિતિ છે.

ધાતુ છ પ્રકારની હોય છે. પૃથ્વી, અગ્નિ, જલ, વાયુ અને આકાશ આ પાંચ ભૌતિક ધાતુઓ કહેવાય છે. તેને રૂપધાતુ પણ કહે છે. અને વિજ્ઞાન એટલે કે ચિત્ત એક ધાતુ છે, જેને નામધાતુ પણ કહે છે. વિપશ્યના સાધના કરતો સાધક પોતાની અંદર થતી સ્થૂળ સંવેદનાઓને તટસ્થ ભાવથી જુએ છે તો સ્વતઃ તેનું વીંધવાનું આરંભ થઇ જાય છે. વીંધી વીંધીને એ અવસ્થા પર પહોંચે છે, જયાં જાણી લે છે કે, બધી ધાતુઓ તરંગો છે ; અનિત્ય સ્વભાવવાળી, ઉદય–વ્યય સ્વભાવવાળી છે અને જેના પર આપણો સહેજ પણ અધિકાર નથી. આ નામરૂપના પ્રપંચને આમ જોતા રહીને, વિભાજન કરતા રહી સાધક તટસ્થ ભાવથી એટલે કે પ્રજ્ઞાપૂર્ણ ઉપેક્ષાભાવથી આગળ વધતો જાય છે, તો તેનું ચિત્ત વિકારવિહીન થવા લાગે છે, નિર્મળ થવા લાગે છે અંતે એક અવસ્થા આવે છે કે જયારે વિપશ્યના પુષ્ટ થતાં, સંસ્કારોનું નિષ્કાસન થતાં, નામ અને રૂપની પરે, ચિત્ત અને શરીરની પરે, આ છયે ધાતુઓની પાર પરમ–સત્ય નિર્વાણનો સાક્ષાત્કાર કરી લે છે ; કે જે નિત્ય છે, શાશ્વત છે, ધ્રુવ છે, અમૃત છે; વીંધી વીંધીને અનુભૂતિઓ દ્વારા જાણી લે છે. નિતાંત વિમુક્ત અવસ્થા સુધી પહોંચી જાય છે, તો જ **સુપટિવિદ્ધો** કહેવાય છે. એટલે કે જેણે પૂરી રીતે, ભલી પ્રકારે પ્રતિવેધન કરી લીધું. હવે એ વ્યકિતને ધર્મ–સંબંધી કોઇ પ્રશ્ન કરે તો તેને ચિંતન–મનન કરવાની, તર્કવિતર્ક કરવાની,

ઊહાપોહ કરવાની આવશ્યકતા રહેતી નથી. જેવી રીતે મારી સામે આ ટેબલ છે અને કોઇ પ્રશ્ન પૂછે કે આ શું છે ? તો '' આ ટેબલ છે '' એવો ઉત્તર આપવામાં ચિંતન–મનનની, તર્ક–વિતર્કની ઊહાપોહની ક્યાં આવશ્યકતા રહે છે ? એવી જ રીતે હાથમાં આ કલમ છે. '' કલમ છે '' એવું બતાવવામાં મને ક્યાં તકલીફ પડે છે ? ક્યાં કલ્પના કરવી પડે છે ? શું વિચારવું પડે છે ?

જેવી રીતે હથેળીમાં આમળું મૂક્યું હોય અને તેને ચારે બાજુ ફેરવી ફેરવીને જોઇ લીધું હોય, તો '' આ આમળું છે '' એવુ કહેવામાં કોઇને પણ શું તકલીફ પડી શકે ? એવી જ રીતે વિપશ્યના દ્વારા પ્રકૃતિને, કુદરતને, તેના નિયમોને પોતાની પ્રજ્ઞા દ્વારા વીંધી–વીંધીને જોઇ લીધા પછી તેની વિશે ઉત્તર આપતાં ક્યાંય કશો ખચકાટ થતો નથી. જ્યાં જાણી–બૂઝીને જૂઠું બોલવાનું હોય, છળકપટ દ્વારા કોઇને દગો કરવાનો હોય અથવા કોઇ ન અનુભવેલી કાલ્પનિક માન્યતાને સત્ય સિદ્ધ કરવાની હોય તો બહુ વિચારવું પડે છે, મનમાં ને મનમાં તર્ક–વિતર્ક કરવા પડે છે. જે સત્યને સ્વયં અનુભવ દ્વારા વીંધી–વીંધીને જાણી લીધું હોય, તેના માટે આ બધાની ક્યાં આવશ્યકતા રહે છે ?

આવો ! ધર્મને વીંધી–વીંધીને જોવાનું શીખીએ અને સુપટિવેધનની અંતિમ અવસ્થાને પ્રાપ્ત કરીને આપણું કલ્યાણ સાધી લઇએ.

## અભય અભય થયો

અભય રાજકુમાર શૂરવીર છે ; સૈન્ય સંચાલનની વિદ્યામાં કૌશલ્ય–પ્રાપ્ત છે. એકવાર મગધ સામ્રાજ્યના કોઇ સરહદી સૂબામાં બળવો થઇ જાય છે. બળવાનું દમન કરવા માટે રાજ્ય–સેનાની સાથે રાજકુમાર અભય ને મોકલવામાં આવે છે. બિંબિસારને પોતાના પુત્ર અભયની યોગ્યતા પર પૂર્ણ વિશ્વાસ છે. અભય એ વિશ્વાસને સાચો સાબિત કરતો, વિદ્રોહનું દમન કરે છે, અને વિજયી થઇને રાજગૃહ પાછો ફરે છે. પિતા બિંબસારની પ્રસન્નતાનો પાર નથી. એ વિજયના ઉલ્લાસમાં રાજકુમારને યોગ્ય ઈનામ આપવા માગે છે. શું યોગ્ય ઈનામ હશે ? અભય હજી યુવાન છે. બિંબસારને પોતાની યુવાની યાદ આવે છે. તે દિવસોમાં તેની કામતૃષ્ણા કેટલી બળવત્તર હતી. કુમાર અભયને પણ આ યુવાવસ્થામાં કામરાગ, રતિરંગની આકાંક્ષા હશે જ. તેને પૂર્તિ માટે તેણે તેને નગરની એક સર્વાંગ સુંદરી તરૂણી નૃત્યાંગનાની ભેટ આપી. પરંતુ કેવળ એટલાથી જ તેને સંતોષ ન થયો. '' મારો આ પુત્ર વેશ્યાના પેટે જન્મ્યો છે. હું ભલે હમણાં તેની સાથે અન્ય રાજકુમારો જેવો જ વર્તાવ કરું, પરંતુ વંશ–પરંપરાના નિયમાનુસાર મારા મૃત્યુ પછી કોઇ પણ સંજોગોમાં તે આ રાજ–સિંહાસનનો અધિકારી નહીં બની શકે ; જેથી ભલે અલ્પ સમય માટે તો અલ્પ સમય માટે, કેમ હું તેને રાજ્યસત્તાનું રસાસ્વાદન ન કરાવું ? તેને રાજ્યસત્તા સોંપી દઉં ? મારો પ્રિય પુત્ર સાત દિવસ સુધી તો રાજવૈભવ ભોગવે !'' એવા વાત્સલ્યભાવના પ્રબળ પ્રવાહમાં તેણે અભયને એક સપ્તાહ માટે રાજસિંહાસન પર બેસાડી દીધો ; સાત દિવસ માટે રાજની ધુરા એના હાથમાં પકડાવી દીધી. વિપુલ રાજશ્રીનો અતુલ વૈભવ રાજકુમારને આધીન હતો. તેણે તેનો ભરપૂર ઉપયોગ કર્યો. સાત દિવસ રાજમહેલમાં રહેતાં રંગરાગમાં વિતાવ્યા. સાત દિવસના કામભોગથી વાસનાની આગ બુઝાઇ નહીં; વધુ પ્રજ્વલિત થઇ. આઠમા દિવસે તે નૃત્યાંગનાને સાથે લઇને રાજમહેલની બહાર આવ્યો અને કામ–ક્રીડા માટે નદીકિનારે ગયો.

નદીમાં સ્નાન કરીને બંને જણ ફરીથી આમોદ–પ્રમોદમાં તલ્લીન થઇ ગયા. નૃત્યાંગનાની કામોત્તેજક નૃત્યકલાએ અભયને મોહિત કરી નાંખ્યો. તરૂણી નર્તકી ખુલ્લા આકાશ નીચે તટ પર નાચતી રહી અને અભય તેને અનિમેષ નજરે નિહાળતો રહ્યો. એકાએક નર્તકીના પેટમાં ભયંકર વાયુશૂળ ઊપડ્યું. અસહ્ય પીડાની મારી તે બેવડ વળી ગઇ; નૃત્યની ગતિ શિથિલ થઇ ગઇ. નર્તકી પોતાનું પેટ દબાવીને ત્યાં જ બેસી ગઇ. મોહવિમૂઢિત અભય સમજયો કે આ પણ નૃત્યકલાના અભિનયની કોઇ ભાવભંગિમા છે, પણ જોતજોતમાં નર્તકી ત્યાં જ ઢગલો વળી ગઇ. અભયને હોશ આવ્યા, ત્યાં સુધી તો તેનું પ્રાણપંખેરુ ઊડી ચૂક્યું હતુ. નિશ્ચલ, નિર્જીવ લાશ ધરતી પર પડી હતી.

અભય રાજકુમારને બહુ આઘાત લાગ્યો–આવો હૃષ્ટપુષ્ટ દેહ ક્ષણમાં કાષ્ઠવત્ નિર્જીવ થઇ ગયો! થોડીક ક્ષણો પૂર્વે ઉદ્દામ વાસના જગાવનાર નૃત્યાંગના, હવે કેવી નિશ્ચલ બની ગઇ! અભિનય કળામાં પરિપૂર્ણ પારંગત નૃત્ય–ભંગિમા કેવી પથરાઇ ગઇ! ઉઘાડી જ રહી ગઇ; પલકારો પર જાણે વિકરાળ કાળે વેદનાજનક પીડાની ઊંડી છાપ અંકિત કરી દીધી! અભયને માટે આ દશ્ય અસહ્ય થઇ ગયું. તેના મનમાં એ વાતનો ખૂબ મોટો પશ્ચાત્તાપ થવા લાગ્યો કે વિદ્રોહીઓના આવડા મોટા સમૂહને પરાસ્ત કરી જે પોતાની સેનાના એક–એક સૈનિકને સકુશળ બચાવીને લાવ્યો, તેવો મહાપરાક્રમી રાજકુમાર અભય પોતાની પ્રાણપ્યારી પ્રેયસીને કાળનો કોળિયો થતાં બચાવી ન શક્યો. પ્રિયતમાનો વિરહ અને તેને ન બચાવી શકવાનો પસ્તાવો, એ બેવડા આઘાતે રાજકુમારને શોકવિહ્વળ કરી દીધો. તેનું દુઃખ ભૂલવાથી ભૂલાતું ન હતુ. પ્રતિક્ષણ વધતું જ જતું હતું. કોણ તેને ઊંડા દુઃખથી ઉગારે ? કોણ હૃદયના ઘા રૂઝાવે ? એકાએક રાજકુમારને ભગવાન બુદ્ધ યાદ આવ્યા. એ મહાન કારુણિકની મૈત્રી–ચિત્તથી ઓતપ્રોત પ્રજ્ઞાસભર વાણી તેણે વારંવાર સાંભળી હતી; જો કે તેમના બતાવેલા સાધનામાર્ગ પણ તેણે કદી અનુગમન કર્યુ ન હતું. પરંતુ તેમની વાણીમાં સદ્ધર્મનું અદ્ભુત વિશ્લેષણ તેણે અનેક વાર સાંભળ્યું હતું તેનાથી આશ્વસ્ત, વિશ્વસ્ત થયો હતો. તેને પૂર્ણ વિશ્વાસ થઇ ગયો હતો કે આ મહાપુરૂષ ખરેખર શુદ્ધ છે, બુદ્ધ છે, મુકત છે, સર્વજ્ઞ છે. તેમણે સર્વ દુઃખોના મૂળ કારણને જાણ્યું છે, તેના નિવારણને જાણ્યું છે, તેઓ સ્વયં દુઃખમુકત થયા છે; અન્યોને દુઃખ–મુકિતની સાધના શિખવાડે છે. એ એવા મહાપુરૂષ છે જે મને પણ આ અસહ્ય દુઃખથી મુકત થવાનો સાચો માર્ગ બતાવી શકે છે; દુઃખમુકત કરી શકે છે.

વ્યથાવિહ્વળ, આતુર, દુઃખી રાજકુમાર ભગવાન તથાગતની શરણે ગયો. ભગવાને તેની શોકસંતપ્ત મનોદશા જોઇ. તેઓની કરૂણામૃત સિંચિત વાણીની વર્ષાએ તેના સંતાપિત હૃદયને શીતળ કર્યુ.

ભગવાને સમજાવ્યું, ''રાજકુમાર ! કલ્પોના કલ્પ વીત્યા. એ અસંખ્ય કલ્પોના અગણિત જન્મોમાં આના જેવી અગણિત પ્રેમિકાઓથી વિયોગ થયો છે તારો. એ વિયોગજન્ય વિલાપોમાં તેં જે આંસુઓ વહાવ્યાં છે, તેનું કોઇ પ્રમાણ નથી. તે બધાં આંસુ એક જગ્યાએ એકત્ર કરવામાં આવે તો કોઇ પણ મહાસાગરથી ઓછા નહિ હોય. ભવિષ્યના અગણિત જીવનમાં પણ આ જ પ્રકારનો પ્રિય–વિયોગ થતો જ રહેવાનો છે. તેનાથી તું છૂટી નથી ગયો. એથી આ રડવું કેટલું અણસમજણ ભર્યુ છે ? આખરે તું કોના માટે રડી રહ્યો છે ?''

અભયની સમજમાં આવવા લાગ્યું. ખરેખર હું કોના માટે રડી રહ્યો છું ? આઠ દિવસ પહેલાં તો આ છોકરીને જાણતો પણ ન હતો; તેનો ચહેરો પણ જોયો ન હતો; તેનું નામ સુદ્ધાં સાંભળ્યું ન હતું. આ રડવાનું તો વસ્તુતઃ પોતાની આસકિતનું છે. જેને પ્રિય માની લીધું. તેનાથી આસકત થઇ ગયો, તેના પ્રત્યે વળગણ પેદા કરી દીધું. વિયોગ થયો તો વ્યાકુળ થઇ ગયો. જેનાથી કોઇ આસકિત નથી, તેનો વિરહ ભલે થાય, ક્યાં વ્યાકુળતા પેદા થાય છે ? તો વ્યાકુળતાનું કારણ પ્રિયના પ્રત્યે તૃષ્ણા સહિતની આસકિત જ તો છે. જે અનિત્ય છે, તે વહેલા–મોડા

સમાપ્ત થનાર છે; તેના પ્રત્યે જાગેલી દુઃખની જનની જ સાબિત થાય છે અને અનિત્ય તો બધાં છે. વહેલા-મોડા બધાંજ કાળના કોળિયામાં સમાઈ જાય છે. કોઈ કોઈને બચાવી નથી શકતું.

ભગવાને તેની મનઃસ્થિતિમાં સુધારો આવતો જણાતાં પ્રજ્ઞાસભર વાણીમાં કહ્યું – ''શોકમાં ડૂબવું અણસમજણનું કામ છે. તારે તેની બહાર નીકળવું જોઈએ.'' અને આ ધર્મવાણી તેમના મુખારવિંદમાંથી સરી પડી :

**एत्थ परसथिमं लोकं, चितं राजरथूपमं ।**

**यत्थ बाला विसीदन्ति, नत्थि सङ्गोविजानतं ।।**

જો આ લોકોને. આ રંગબેરંગી રાજરથ જેવો ખૂબસૂરત દેખાય છે. સમય જતાં જેમ ચિત્રિત રથ જીર્ણ-શીર્ણ થઈ જાય છે, તેમ જ લોક પણ જીર્ણ થઈને નષ્ટ થઈ જાય છે. અણસમજુ જ તેને એમ થતાં જોઈને વ્યાકુળ થાય છે. સમજદાર લોકો તેના પર આસક્ત થતા નથી; વ્યાકુળ થતા નથી.

અભય રાજકુમારે ક્યારેય વિપશ્યના સાધનાનો અભ્યાસ નહોતો કર્યો. અત્યાર સુધી તે ભગવાનની પ્રજ્ઞાપૂર્ણ વાણીથી બૌદ્ધિક સ્તરે જ પ્રભાવિત થયો હતો. ધર્મનું આવું સાંગોપાંગ વિશ્લેષણ કરનાર, એમના જેવો કોઈ અન્ય આચાર્ય તેને મળી શક્યો ન હતો; તેઓના પ્રત્યે અસીમ શ્રદ્ધા જાગી હતી. તેઓની ધર્મવાણીથી તેને ખૂબ આશ્વાસન મળ્યું હતું; આ દુઃખની ઘડીમાં તેઓના શરણે આવ્યો હતો. પરંતુ તેનો પુણ્યોદય થયો; અનેક જન્મોમાં સંગ્રહ કરેલી પારમિતાઓનું બળ જાગ્યું. જેમ જેમ ભગવાનની વાણી સાંભળતો ગયો, તેમ તેમ મન શાંત થતું ગયું; સમાહિત થતું ગયું અને પોતાની ભીતર યથાભૂત સત્યની અનુભૂતિ કરવા લાગ્યો. સ્વતઃ વિપશ્યના થવા લાગી; પોતાની અંદર સંવેદનાઓની પ્રત્યક્ષ અનુભૂતિ થવા લાગી – સર્વત્ર ઉદય-વ્યય જ ઉદય-વ્યય. આખા શરીરમાં અનિત્ય બોધની ધારા પ્રવાહિત થઈ ઊઠી અને મન આ અનિત્ય બોધના આધારે સમતમાં સ્થિર થતું ગયું. થોડાક સમયમાં જ શરીર અને ચિત્તની અનિત્યતાનું આખું ક્ષેત્ર એકાએક નિરુદ્ધ થઈ ગયું અને તેની પરે નિત્ય, શાશ્વત, ધ્રુવ, પરમ સત્ય અવસ્થાનો થોડીક ક્ષણો માટે સાક્ષાત્કાર થઈ ગયો. અભય મુકિતના સ્રોતમાં પડી ગયો; સ્રોતાપન્ન થઈ ગયો. હવે તેની શ્રદ્ધા કેવળ બુદ્ધિજન્ય નહોતી રહી ગઈ; તે અનુભવજન્ય થઈ હતી.

ત્યારબાદ ઘણો બધો સમય વીતતાં જ્યારે મહારાજ બિંબિસારનો દેહાંત થયો તો તેના મનમાં ઊંડો ધર્મસંવેગ જાગ્યો અને તે ગૃહત્યાગ કરીને ભગવાનની પાસે પ્રવ્રજિત થઈ, **'तालच्छिग्गलूपम सुत्त'** નો ધર્મ-ઉપદેશ સાંભળીને સમીપના વનપ્રદેશમાં જઈને એકાંત વિપશ્યનાનું અંતર્તપ કરવા લાગ્યો. તેને પોતાની પુરાતન પારમિતાઓનું બળ મળ્યું અને અંદર ને અંદર અનિત્ય બોધ ખૂબ અધિક સ્પષ્ટ અનુભવ થતો ગયો. સૂક્ષ્મ અવસ્થાઓમાંથી પસાર થતો, નિતાંત સમત્વ ભાવમાં સ્થિર થતો, પોતાનાં પૂર્વસંચિત કર્મોની નિર્જરા કરવા લાગ્યો. એમ કર્મબંધનોનો ક્ષય થતાં-થતાં એક પછી એક ફળ-સમાપત્તિઓ ઉપલબ્ધ કરતો રહી, અરહંત અવસ્થા સુધી જઈ પહોચ્યો. તેનું ભવચક્ર સમાપ્ત થઈ ગયું. તે નિતાંત દુઃખવિમુકત થયો.

તેણે પ્રત્યવેક્ષણ કર્યું. ભગવાનના સંપર્કમાં આવ્યો ત્યારથી લઈને તે પરમ મુકત-અવસ્થા પ્રાપ્ત થઈ ત્યાં સુધીની કલ્યાણકારી અનૂભુતિઓનું પુનરાવલોકન કર્યું. ત્યારે આવા હર્ષોદ્ગાર તેના મોંમાથી સ્વતઃ સરી પડયા.

**सुत्वा सुभाषितं वाचं, बुद्धस्सादिच्चबन्धुनो ।**

**पच्चब्यधिं हि निपुणं, वालग्गं उसुना यथा ।।**

જેવી રીતે કોઈ ધનુર્ધર પોતાના સૂક્ષ્મ તીરથી વાળની અણીનું સાત વખત અચૂક વેધન કરવામાં નિપૂણ હોય, તેવી જ રીતે આદિત્ય બંધુ ભગવાનની આર્યસત્યને વીંધનારી નિપુણ વાણી મેં સાંભળી.

અને ભાગ્ય જાગ્યું અભય રાજકુમારનું. તે ધર્મવાણીથી પ્રેરિત થઈને, સ્વયં પોતાની વીંધનારી પ્રજ્ઞા જગાડી અને તેના દ્વારા અવિદ્યાના આવરણનું ભેદન કરતો પરમ નિરોધ અવસ્થાનો સાક્ષાત્કાર કરી શક્યો અને ભવભયથી મુકત બની, સાચા અર્થમાં અભય થઈ શક્યો.

આવો ! આપણે પણ બમણા ઉત્સાહની સાથે ધર્મ-પથ પર ચાલતા રહીને પરમ અભય અવસ્થાને પ્રાપ્ત કરીએ અને આપણું કલ્યાણ સાધી લઈએ !

**-''જાગે પાવન પ્રેરણા'' પુસ્તકમાંથી સાભાર**

## ધમ્મજૂનાગઢ - એક દિવસીય સંમેલન

મૂળ ભારતની હોવા છતાં વિપશ્યના સાધના ગત ૨૦૦૦ વર્ષથી પણ વધુ સમયથી આપણા દેશમાંથી વિલુપ્ત થઈ ગઈ હતી. આપણા કલ્યાણમિત્ર ગુરુજી પૂ. સત્યનારાયણ ગોયન્કાજી દ્વારા તેમના ગુરુજી સયાજી ઉ બા ખિનના આદેશથી ૧૯૬૯માં આ સાધના ભારત પરત આવી.

આપણા સહુના જીવનમાં મહત્ ઉપકારી વિપશ્યના સાધના ભારત પુનઃ પ્રવેશને **૫૦ વર્ષ** પૂર્ણ થાય છે, ત્યારે આપણી પાસે અવસર છે, આપણી કૃતજ્ઞતા વ્યકત કરવાનો. કૃતજ્ઞતા ભગવાન બુદ્ધ પ્રત્યે, કૃતજ્ઞતા દાદાગુરુ સયાજી ઉ બા ખિન પ્રત્યે, કૃતજ્ઞતા ગુરુજી સત્યનારાયણ ગોયન્કા પ્રત્યે અને સર્વાધિક કૃતજ્ઞતા સ્વયં વિપશ્યના વિદ્યા પરત્વે કે જેના થકી આપણે ભવચક્રમાંથી મુકિતના માર્ગે પ્રશસ્ત થયાં.

આપણા સહુની કૃતજ્ઞતા વ્યકત કરવા સૌરાષ્ટ્રભરના સાધકોના લાભાર્થે એક દિવસીય સંમેલનનું આયોજન નીચેની વિગતે કરેલ છે.

### તારીખ : ૧૬-૧૨-૨૦૧૮, રવિવાર

**સ્થળ** : ધમ્મજૂનાગઢ કેન્દ્ર, જૂનાગઢ.

**સવારે** : ૧૦.૦૦ થી સાંજે ૦૫.૦૦ કલાક સુધી

સૌરાષ્ટ્રના તમામ મોટા શહેરથી જૂનાગઢ આવવા જવાની ફ્રી બસ સેવાનું આયોજન રાખેલ છે.

નોંધ : રજિસ્ટ્રેશન ફરજિયાત છે. જેથી ભોજન વ. સુવિધા કરવામાં સુગમતા રહે. આપનુ નામ અત્યારથી જ નોંધાવશો.

**રજિસ્ટ્રેશન માટે સંપર્ક :**

| | | |
|---|---|---|
| **રાજકોટ** | – મો.: ૭૮૭૮૭ ૨૭૨૨૩/૯૪૨૬૨ ૦૨૨૨૨ | |
| **જેતપુર** | – મનસુખભાઈ રામાણી | – મો.: ૯૪૨૯૧ ૬૯૫૩૭ |
| | મનસુખભાઈ સાકરિયા | – મો.: ૯૯૦૯૦ ૧૫૮૫૨ |
| **ધોરાજી** | – મો.: ૯૯૦૪૪૨૩૦૨૪/૯૮૯૮૫ ૭૦૦૨૯ | |
| **જૂનાગઢ** | – મૂળજીભાઈ જોશી | – મો.: ૯૪૨૯૫ ૧૫૨૬૨ |
| | દિલીપભાઈ સોંદરવા | – મો.: ૯૦૩૩૪ ૦૯૯૭૩ |
| **પોરબંદર** | – મો.: ૯૧૦૬૭ ૧૬૫૩૦/૭૯૯૦૦ ૪૫૩૩૬ | |
| **અમરેલી** | – મો.: ૯૪૦૯૦ ૪૨૩૮૩/૦૨૭૯૨-૨૨૪૦૪૦ | |
| **ઉના** | – ગિરીશભાઈ બાબરિયા | – મો.: ૮૮૬૬૨ ૨૨૧૪૦ |
| | ઉમેશભાઈ ગૌસ્વામી | – મો.: ૯૬૩૮૬ ૭૧૧૭૦ |
| **સુરેન્દ્રનગર** | – મો.: ૯૮૨૫૫ ૭૯૯૬૭/૮૩૪૭૭ ૦૩૧૦૭ | |
| **જામનગર** | – રમણીકભાઈ ઘરસંડિયા | – મો.: ૯૯૨૫૧ ૫૩૦૭૦ |
| | આનંદભાઈ ગોપીયાણી | – મો.: ૯૩૨૮૯ ૩૪૫૧૮ |
| | રમેશભાઈ દવે | – મો.: ૯૪૦૮૯ ૬૩૯૩૫ |
| **સંયોજક** | – હિતેશભાઈ ધોળિયા | – મો.: ૯૯૦૯૩ ૧૨૦૪૬ |
| | આર. એમ. ઝાલા | – મો.: ૯૪૨૭૨ ૦૭૯૬૨ |

# ગુજરાત વિપશ્યના કેન્દ્ર - ૨૦૧૮-૧૯ શિબિરોની માહિતી

## ધમ્મકોટ

C/o. ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ–૧. રજિસ્ટ્રેશન – સમય ૧૦ થી ૧ અને ૪:૩૦ થી ૭ **સંપર્ક ::**

Ph.: 0281-2233666, M : 78 78 72 72 23, Ph.: 0281-2924924, M : 93279 23540, E-mail : dhammakot@gmail.com

05-12 to 16-12
19-12 to 30-12
02-01 to 13-01
30-01 to 10-02
13-02 to 24-02
27-02 to 10-03
13-03 to 24-03

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**

18-01 to 26-01-19

**10 Day Spl.**

16-01 to 27-01-19

**1 DAY**

16-12-2018
27-01-2019

## ધમ્મ અંબિકા

નવસારી–બિલિમોરા થી ૧૫ કિ.મી., N.H. નં.–૮ બોરિયાચ ટોલનાકાથી 2km પશ્ચિમે, **ગામ :** વગલવાડ, તા.: ગણદેવી. **સંપર્ક :**

Mo : 78784 60961, Mo : 95865 82660, 94281 60714, 98250 44536. E-mail : info@ambika.dhamma.org

24-12 to 04-01-19
12-02 to 23-02-19
25-02 to 08-03-19

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**

13-12 to 21-12-18

**3 DAYS**

06-12 to 09-12-18

**10 Days Spl.**

11-12 to 22-12-18

**20 DAYS**

19-01 to 09-02-19

**30 DAYS**

09-01 to 09-02-19

## ધમ્મસિંધુ-બાડા

**સીટી સંપર્ક :** C/o. યુનિક આર્કિટેક્ટ, ૨૦૪, આશીર્વાદ કોમ્પલેક્ષ, લાકડા બજાર, માંડવી, કચ્છ–૩૭૦ ૪૬૫ **સંપર્ક :**

Ph.: 02834-223575, M : 99745 75660 E-mail : info@sindhu.dhamma.org

15-12 to 26-12-18
03-02 to 14-02-19
17-02 to 28-02-19
08-04 to 19-04-19

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**

29-12 to 06-01-19
05-02 to 13-02-19
05-04 to 18-04-19

**20 DAYS**

08-01 to 29-01-19
05-03 to 26-03-19

**30 DAYS**

29-12 to 29-01-19
05-03 to 05-04-19

## ધમ્મપીઠ

ગુર્જર વિપશ્યના કેન્દ્ર–ધમ્મપીઠ અમદાવાદ રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ – ૩૮૦ ૮૧૦ **સંપર્ક :**

Ph.: 02714-294690, M : 94264 19397 E-mail : info@pitha.dhamma.org

08-12 to 19-12-18
22-12 to 02-01-19
06-01 to 17-01-19
23-01 to 03-02-19
06-02 to 17-02-19
20-02 to 03-03-19
06-03 to 17-03-19

## ધર્મજ

હેમંતભાઈ પટેલ સંપર્ક :
Ph.: 02697- 245460, 245302
M : 94265 00765.
દિપકભાઈ સંપર્ક : M.94289 00794
Time 10.00am to 5.30 pm
E-mail : vipassana.dharmaj@gmail.Com

**3-days**

21-12 to 24-12-18

## ધમ્મ દિવાકર

C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭–અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨. **સંપર્ક :**

Ph.: 02762-272800, 254634, 252345 M : 94292 33000. E-mail : info@divakara.dhamma.org

05-12 to 16-12-18
19-12 to 30-12-18
02-01 to 13-01-19
16-01 to 27-01-19
30-01 to 10-02-19
13-02 to 24-02-19

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**

01-03 to 09-03-19

**1 Day Spl.**

**Guru Purnima**

16-07-2019

**10 Days Spl.**

27-02 to 10-03-19

## ધમ્મપાલિ

ગામઃ ટોડી, સોનગઢ–પાલીતાણા રોડ, જી. ભાવનગર. **સંપર્ક :: ધમ્મપાલી કેન્દ્ર :**

M : 7878103636
M : 97149 11913
M : 97149 10913

**સિટી ઓફીસ :**

Ph. 0278 - 2521066, M : 88 66 71 3636 E-mail : dhammapali15@gmail.com

14-12 to 25-12-18
02-01 to 13-01-19
23-01 to 03-02-19
13-02 to 24-02-19
06-03 to 17-03-19
27-03 to 07-04-19
17-04 to 28-04-19
01-05 to 12-05-19
15-05 to 26-05-19
29-05 to 09-06-19
03-07 to 14-07-19

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**

15-06 to 23-06-19

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યક્તિએ પાસપોર્ટ સાઈઝ ફોટો અને ફોટો આઈડી (ફોટો ઓળખપત્ર) લાવવું ફરજીયાત છે.**

## દોહા ધરમના

માત-પિતા કી વન્દના, ગુરુજન કા સત્કાર ।
સમતા હોવે મિત્ર સે, પત્ની સે હો પ્યાર ॥
પરિજન કા પાલન કરે, કરે દાન ઉન્મુક્ત ।
સદ-મુક્ત ઋણ સે રહે, પાવે સુખ ઉપયુક્ત ॥
સદ્ગૃહસ્થ કી સમ્પદા, જન હિતકારી હોય ।
કર દે દૂર વિપન્નતા, મંગલકારી હોય ॥

## દોહા ધરમના

હિંસા ચોરી ઝૂઠ તજ, ગૃહપતિ ! તજ વ્યભિચાર ।
સાધ આંતરિક શાંતિ સુખ, કુશલ લોક વ્યવહાર ॥
મિથ્યા યશ નિન્દા સુને, અવિચલ નિર્ભય હોય ।
ડિગે નહીં સત્પંથ સે, ગૃહપતિ સુખિયા હોય ॥
હાનિ લાભ નિન્દા સુયશ, સુખ દુઃખ માન અપનામ ।
ચિત્ત કિંચિત્ વિચલિત ન હો, રહે ધર્મ કા જ્ઞાન ॥

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઈ.ડી.સી., રાજકોટ–૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ચેક અથવા રોકડેથી મોકલી શકાશે. રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 23 નવેમ્બર 2018** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013. Postal Reg. No. RAJKOT/450/2018-20**
**(Renewed upto 31.12.2020)**

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

**Weighs less than 30 gms**
Posting day-25th of every month, Posted at Rajkot RMS - 360 001.

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર** (પત્રિકા વિભાગ)
ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2233666 / મો : 7878 7272 23
**E-mail :** info@kota.dhamma.org
**Web site :** www.kota.dhamma.org